સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા
આર્થિક રીતે પછાતવર્ગો માટે ગૃહનિર્માણ યોજના.
-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
મજુર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

ઠરાવ ક્રમાંક:બકર-૧૫૭૮-૬૭૭૫૦ / છ,

સચિવાલય, ગાંધીનગર,
તા. ૧લી ડીસેમ્બર,૧૯૭૮.

વંચાણમાં લીધા:-

(૧) મજુર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૪ -૭૮ નો ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪/છ.

(૨) સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા.૭-૬-૭૮નો પત્ર ક્રમાંક:સક/બક/૧૦૦.

(૩) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૨૬-૭-૭૮નો પત્ર ક્રમાંક:જી. આર. એચબી-ઇ ડબલ્યુએસ/વશી/૧૫૦/૭૮/૨૯૬૪/ અને તા. ૩૧-૭-૭૮ નો શેરો જીઆર એચબી/ઇડબ્લ્યુએસ/ વશી/૯૫/૭૮/૩૦૪૧.

ઠ રા વ:-

બક્ષી પંચ સૂચવેલ ૮૨ જ્ઞાતિઓ / વર્ગો / જૂથોને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તરીકે ગણવાનું અને બક્ષી પંચે સૂચવેલ વિવિધ લાભો / રાહતો તેમને આપવાનું સરકારે નક્કી કર્યું છે. બક્ષી પંચની ભલામણો પૈકીની, અનામત જગ્યાઓ સિવાયની , બાકીની બધી ભલામણોનો લાભ કેટલાક આર્થિક રીતે પછાત વર્ગોને આપવાનું પણ સરકારે નક્કી કર્યું છે.

૨. બક્ષી પંચે તેના અહેવાલના પ્રકરણ-૫ માં, ભલામણ ફકરાં ક:૫. ૩૦ માં જણાવેલ છે કે ''.........જેમની પાસે ઘર નથી કે રહેઠાણનું નિયત સ્થાન નથી કે નિવાસ માટેની યોગ્ય વ્યવસ્થા નથી એવા વર્ગોનું પુનઃસ્થાપન, પછાત વર્ગના લોકો માટે ગૃહ નિર્માણ યોજના શરૂ કરીને અને ગૃહ નિર્માણ સહકારી, મંડળીઓની રચના કરીને થઇ શકે. ''

૩. બધી પંચની ઉપરોકત ભલામણને ધ્યાનમાં લઇને, કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો માટેની ગૃહ નિર્માણ યોજના શરૂ કરવાનું આથી સરકારે નિર્ધાર્યુ છે આ યોજનાની વિગતો નીચે મુજબ રહેશે:-

૧: ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરની, ગ્રામ નગર પંચાયતના વિસ્તારમાં આર્થિક રીતે નબળા ગણાના કુટુંબો માટે (માસિક રૂ. ૩૫૦ સુધીની આવકવાળાઓ માટે) મકાનો બાંધવાની જે યોજના હાલમાં અમલમાં છે, તેને સાંકળી લઇને આ યોજના તૈયાર કરવામાં આવેલ છે.

૨: સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોના જે કુટુંબોની બધા સાધનોમાંથી થતી કુલ માસિક આવક રૂા. ૩૫૦/ થી વધુ નહીં હોય એવા કુટુંબોને આ યોજનાનો લાભ મળી શકશે.

૩: ઓછામાં ઓછા લાભ લેનાર ૨૦ કુટુંબોનું એક એકમ (યુનીટ) બનાવવામાં આવશે.

૪: આ યોજનામાં અંદાજી રૂા.ચાર હજારના ખર્ચે મકાન બાંધી આપવામાં આવશે. મકાન દીઠ રૂા. ૨,૦૦૦/ ની હુડકોની લોન, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર તરફથી આપવામાં આવશે. વધુમાં, મકાન દીઠ રૂા. ૧,૨૦૦ / ની ગુજરાત સરકારની લોન, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે. ઉપરોકત લોનના વ્યાજનો દર ૫ ટકા અથવા વખતો વખત નક્કી થાય તે મુજબ રહેશે. ઉપરોકત લોનની રકમ વ્યાજ સાથે ૧૦ વર્ષમાં માસિક હપ્તાથી, લાભાર્થીએ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને ભરપાઇ કરવાની રહેશે. માસિક હપ્તો અંદાજે રૂા. ૩૮ થી ૪૦ જેટલો આવવા સંભવ છે. નિયમિત હપ્તો નહીં ભરનારે વધુમાં અઢી ટકા દંડનીય વ્યાજ આપવું પડશે. મકાન દીઠ રૂા. ૮૦૦/ ની સહાય (સબસીડી) સમાજ કલ્યાણ ખાતા તરફથી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરને અગાઉથી ચુકવવામાં આવશે.

..૩..

(૫) મકાન માટેની જમીન અથવા તેની કિંમત અને જમીન વિકાસનો સઘળો ખર્ચ આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીએ અગાઉથી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને પુરેપુરો ભરપાઇ કરવાનો રહેશે.

(૬) ગ્રામ - નગર પંચાયત વિસ્તારમાં માસિક રૂ. ૩૫૦/ સુધીની આવકવાળા કુટુંબો માટે મકાનો બાંધવાની ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરની જે યોજના અમલમાં છે, તે મુજબજ આ યોજનાના મકાનોનું બાંધકામ કરવામાં આવશે. આ યોજનાની અન્ય શરતો અને વિગતો, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની સદરહુ યોજના મુજબજ રહેશે.

૪. આથી ઉપરોક્ત વિગતો અને શરતો મુજબ, ઉપરોક્ત ગૃહનિર્માણ યોજના માટે મકાન દીઠ રૂા. ૮૦૦/- ની સહાય (સબસીડી) આપી શકાય તેટલા માટે, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રૂા. ૬,૭૦,૦૦૦/ (અંકે રૂ. છ લાખ અને સીત્તેર હજાર પુરા) તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે પણ રૂ. ૬,૭૦,૦૦૦/- અંકે રૂ. છ લાખ અને સીત્તેર હજાર પુરા) ના ખર્ચની ગૃહ નિર્માણ યોજનાને મંજુરી આપવામાં આવે છે. ખર્ચનો અંદાજ નીચે મુજબ અંદાજવામાં આવેલ છે.

| સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો માટેના મકાનોની સંખ્યા. અંદાજે. | | મકાન દીઠ સહાય રૂા. | | અંદાજીત કુલ ખર્ચ રૂા. |
|---|---|---|---|---|
| ૧૬૭૫ | X | ૮૦૦ | = | ૧૩,૪૦,૦૦૦/- |

૫. આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (રાજ્ય) મારફત થશે. આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છતાં લાભાર્થીઓની યાદી સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે તૈયાર કરવાની રહેશે. ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગરની માગણી અને જરુરીયાત મુજબ મકાન દીઠ રૂા. ૮૦૦ ની સહાય સમાજ કલ્યાણ નિયામકશ્રીએ બોર્ડને ચુકવવાની રહેશે. ૧૯૭૮-૭૯ ના વર્ષ દરમ્યાન આ યોજનાનો અમલ કરવા અને તે અંગે બહોળી પ્રસિદ્ધિ કરવા માટેના જરુરી તમામ પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, અમદાવાદે તાત્કાલીક લેવાં.

૬. સામાજીક અને શૈક્ષણિક રીતે, પછાતવર્ગો માટેનો આ અંગેનો ખર્ચ રૂા. ૬,૭૦,૦૦૦/ અંદાજપત્રના સદરે ''૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ-બીજો સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ (ક) બીજા કાર્યક્રમો-(૨) એસસીડબલ્યુ-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને આરોગ્ય, ગૃહનિર્માણ અને બીજી યોજનાઓ માટે નાણાંકીય સહાય'' ખાતે. ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવો. આર્થિક રીતે પછાતવર્ગો માટેને રૂા. ૬,૭૦,૦૦૦/- નો ખર્ચ, નાણાં વિભાગે તેની ૬-૧૧-૭૮ ની યાદી ક્રઃસીએનએફ-૧૧૭૮-૧૫૩-ડે, અન્વયે આકસ્મિક નિધિમાંથી મંજુર કરેલ રૂા. ૬,૭૦,૦૦૦/- ની પેશગીમાંથી મેળવવાનો રહેશે અને તેને અંદાજપત્રના સદર ''૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ગ-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને બીજા પછાતવર્ગોનું કલ્યાણ-(ખ) બીજા પછાતવર્ગોનું કલ્યાણ-એસસીડબલ્યુ-આર્થિક રીતે પછાતવર્ગોને આરોગ્ય, ગૃહનિર્માણ અને બીજી યોજનાઓ માટે નાણાકીય સહાય'' ખાતે ' ઉધારવો. સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે આ અંગે જરુરી પ્રતિક પુરક માગણી વિધાનસભાના આગામી સત્રમાં રજુ કરવાની રહેશે.

૭. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૧૬-૯-૭૮ ની નાણાકીય સલાહકારશ્રીની તા. ૧૪-૯-૭૮ ની તથા નાણા વિભાગની તા. ૨૫-૯-૭૮ ની સંમતીથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. ડી. જોષી,
સંયુક્ત સચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ.

185

પ્રતિ, -૫-

X રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રીઓ,
નાણા વિભાગ. (ક-શાખા)
પંચાયત,ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ,ખ-૨ શાખા,
સચિવાલયના અન્ય વિભાગો,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ,
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ,
X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ. ૮, ભીલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ (વધારાની ૧૫ નકલો સાથે)
સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર (વધારાની પાંચ નકલો સાથે)
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૧૬, પાટનગર યોજના ભવન,ગાંધીનગર (વધારાની પાંચ નકલો સાથે)
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( રાજ્ય) અને (પંચાયત)
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ,
પ્રાયોજના વહીવટદાર (આદિવાસી વિસ્તાર પેટા યોજના) ના તાબા હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,
નાણા શાખા, મ. સ. ક. અને આ. વિ. વિભાગ,
બ-શાખા, મ. સ. ક. અને આ. વિ. વિભાગ,
મ. સ. ક. અને આ. વિ. વિ. ની અન્ય શાખાઓ,
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર. આ અંગે અખબારી યાદી બહાર પાડવા અને બહોળી પ્રસિદ્ધિ કરવા અર્થે.
વિશિષ્ટ ફાઇલ-ક-શાખા.

---------------

X પત્ર દ્વારા.